©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII] SATURDAY, 11th JULY, 2026/ASHADHA 20, 1948 [No. 5308**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

**રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ-રાજકોટ**

**ચીમનભાઈ પટેલ વિકાસ ભવન, પ્રભાત હોસ્પીટલ સામે, જામનગર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**

**ફોન નં.-૦૨૮૧-૨૪૭૬૮૭૪, ૨૪૭૬૭૯૯, ફેક્સ-૦૨૮૧-૨૪૫૦૫૨૩**

Email- info@rajkotuda.com, web site: www.rajkotuda.com

**ધ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) અને નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬**

**જાહેર નોટીસ/અધિસૂચના**

**સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૪૦/૨(આણંદપર(નવાગામ)-સોખડા)બનાવવાના ઈરાદાની જાહેર પ્રસિધ્ધી**

પત્ર નં.રૂડા/ટેક/ટી.પીએસ/(૪૦/૨ આણંદપર(નવાગામ)-સોખડા)/૬૭૮૨–ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨(૧) હેઠળ સરકારશ્રી દ્વારા રચાયેલ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ-(રૂડા) દ્વારા તા. ૩-૦૭-૨૦૨૬ની બોર્ડ બેઠક નં.૧૮૨ના ઠરાવ નં.૨૦૮૨ થી અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૧૬ હેઠળ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૪૦/૨(આણંદપર(નવાગામ)-સોખડા)રૂડા બનાવવાનો ઈરાદો જાહેર કરેલ છે. સદરહુ અધિનિયમની કલમ-૪૧(૨) ની જોગવાઈ અનુસાર સદર યોજનાનો ઈરાદો આથી પ્રસિધ્ધ કરી, અધિનિયમની કલમ-૪૧(૩)ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની ઉપર દર્શાવેલ સરનામાંવાળી કચેરીમાં રજાના દિવસો સિવાયના અને કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખી અને સમજાવવાની વ્યવસ્થા કરેલ છે.

**સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૪૦/૨(આણંદપર(નવાગામ)-સોખડા) માં આવરી લેવાયેલ જમીનોના સર્વે નંબરોની વિગત :**

**મોજે : સોખડાના સર્વે નં. :** ૧પૈકી, ૬૭, ૬૮ પૈકી, ૬૯, ૭૦, ૭૧ પૈકી, ૭૨/૧, ૭૨/૨, ૭૨/૩, ૭૨/૪, ૮૮/૧, ૮૮/૨, ૮૮/૩, ૮૮/૪, ૮૮/૫, ૯૭/૧, ૯૭/૨, ૯૭/૩, ૯૭/૪, ૯૭/૫, ૯૮, ૯૯, ૧૦૦ પૈકી ૧પૈકી ૧,૧૦૦ પૈકી ૧ પૈકી ૨, ૧૦૦ પૈકી ૨, ૧૦૧, ૧૦૫/૧, ૧૦૫/૨, ૧૦૬, ૧૦૯ પૈકી ૧૨, તથા સરકારશ્રીની માલિકીના રે.સર્વે નં.૧૦૯/પૈકીની ખરાબાની જમીનનો સમાવેશ થાય છે.

**મોજે : આણંદપર(નવાગામ)ના** ૧૨૯, ૧૩૦, ૧૩૧/૧, ૧૩૧/૨, ૧૩૧/૩, ૧૩૧/૪, ૧૩૨/૧, ૧૩૨/૨, ૧૩૨/૩, ૧૩૩, ૧૩૪/૧, ૧૩૪/૨, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯/૧, ૧૩૯/૨, ૧૪૦, ૧૪૧ પૈકી ૧, ૧૪૧ પૈકી ૨, ૧૪૨, ૧૪૩, `૧૪૬, ૧૪૭ પૈકી ૧, ૧૪૭ પૈકી ૨, ૧૪૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૧/૧, ૧૬૧/૨, ૧૬૧/૩, ૧૬૨/૧, ૧૬૨/૧, ૧૬૩/૧, ૧૬૩/૨, ૧૬૩/૩, ૧૬૩/૪, ૧૬૩/૫, ૧૬૩ પૈકી ૫ પૈકી ૧, ૧૬૩ પૈકી ૫ પૈકી ૨, ,૧૬૩/૮, ૧૬૩/૯, ૧૬૩/૧૦, ૧૬૩/૧૧, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૬૮, ૧૬૯/૧, ૧૬૯/૨, ૧૭૦/૧, ૧૭૦/૨, ૧૭૦/૩, ૧૭૧, ૧૭૨/૧, ૧૭૨/૨, ૧૭૩/૧, ૧૭૩/૨, ૧૭૪, ૧૭૬/૧, ૧૭૬/૨ તથા સરકારશ્રીની માલિકીના રે.સર્વે નં. ૨૦૭ /પૈકીની ખરાબાની જમીનનો સમાવેશ થાય છે.

**રૂડા બોર્ડ બેઠક ન.૧૮૨નો ઠરાવ નં.૨૦૮૨, તા. ૩-૦૭-૨૦૨૬**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની તા.૩-૦૭-૨૦૨૬ની બોર્ડ બેઠક નં.૧૮૨ના ઠરાવ નં.૨૦૮૨ થી મોજે: આણંદપર અને મોજે:સોખડા વિસ્તારમાં સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૪૦/૨(આણંદપર(નવાગામ)-સોખડા)બનાવવાનું નક્કી કરાયેલ છે. જેનું ક્ષેત્રફળ ૨૮૨.૬૮ હેક્ટર છે અને ખાનગી એજન્સી પાસે તેની માપણી કરાવ્યા બાદ સદરહુ સ્કીમ માટે ડી.આઈ.એલ.આરશ્રીની કચેરીના તા. ૨૮-૦૮-૨૦૨૫ના પત્રથી નીમતાણું મેળવેલ છે તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)ની જોગવાઈઓ મુજબ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો જરૂરી પરામર્શ તેઓશ્રીના પત્ર નં.ન.ર.યો. નં.૪૦/૨(આણંદપર(નવાગામ)-સોખડા)/કલમ-૪૧(૧)/સૌ/૮૫૪, તા. ૧૧-૦૩-૨૦૨૬થી આવેલ છે.

સત્તામંડળના વિકસીત વિસ્તાર પૈકી મોજે-આણંદપર(નવાગામ)તથા મોજે:સોખડા ગામમાં ખુબજ ઝડપથી વિકાસ પામી રહેલ હોવાથી ત્યાં મુસદારૂપ નગર રચના યોજના બનાવવાની થાય છે. સદરહુ યોજના અન્વયે મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા આપવામાં આવેલ પરામર્શ મુજબની હદ નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ છે અને આ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૪૦/૨(આણંદપર(નવાગામ)-સોખડા)ની ચર્તુ: સીમા-હદ નીચે મુજબ છે.

**ઉત્તરે :** મોજે:સોખડા ગામના અન્ય રે.સર્વે નંબરો તથા મોજે:બેડી ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે.

**દક્ષિણે :** સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૪૦/૧(આણંદપર(નવાગામ)-સોખડા)ની હદ આવેલ છે.

**પૂર્વ :** સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૪૧(માલીયાસણ-સોખડા)ની હદ આવેલ છે તથા મોજે:સોખડા ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે.

**પશ્ચિમ :** રાજકોટ મહાનગરપાલિકાની હદ આવેલ છે તથા મોજે:બેડી ગામના અન્ય રે.સર્વે નંબરો આવેલ છે.

આમ, સદરહુ સૂચિત મુસદારૂપ નગર રચના યોજના નં.૪૦/૨(આણંદપર(નવાગામ)-સોખડા)ની હદ અનુસારનો ઈરાદો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧)હેઠળ જાહેર કરવા અને તે અંગેની આગળની આનુસંગિક કાર્યવાહી હાથ ધરવા અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

**જી. વી. મિયાણી**
મુખ્ય કારોબારી અધિકારી
રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ,
રાજકોટ



Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.07.13 13:52:34 IST